# તોડબાજ અધિકારીની બેનામી સંપત્તિનું આંકલનના ભણકારા

## મોડાસાના અધિકારીએ જમીન પ્રકરણમાં રૂા. ૫૦ લાખ પડાવ્યાની ચર્ચા : ગમે તે ઘડીએ કલેક્ટર રાજ્ય એ.સી.બી.ને ફરીયાદના ભણકારા

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૦
મોડાસાના એક અધિકારીએ જમીન પ્રકરણમાં રૂા.૫૦ લાખ પડાવ્યા પછી પણ ઈરાદાપૂર્વક વિવાદ ઉભો કરતા મામલો કોર્ટમાં પહોંચ્યો છે. કોર્ટના ચુકાદાની રાહ જોવાઈ રહી છે પરંતુ રૂા.૫૦ લાખ ખંખેરવાના પ્રકરણમાં અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર અને રાજ્ય એ.સી.બી.ને ફરીયાદ થવાની સંભાવના છે. તોડબાજ અધિકારીની બેનામી સંપત્તિનું આંકલન શરૂ થઈ શકે છે.

અરવલ્લી જિલ્લાના અનેક સરકારી બાબુઓનો ભ્રષ્ટ્રાચાર જગજાહેર છે અને ભાજપ અને કોંગ્રેસના જાહેરમાં થુંક ઉડાડતા નેતાઓ અને આગેવાનો જ આવા ભ્રષ્ટ સરકારી બાબુઓથી અંદરખાનેથી ડરતા હોવાની લોકવાયકામાં તથ્ય હોય તો સીધી-સાદી પ્રજાની શું હાલત હશે ? જિલ્લાના પંકાયેલા ભ્રષ્ટ અધિકારીને જમીન પ્રકરણમાં ગ્રીપ આવ્યા પછી એક પછી એક સોનાની લગડા જેવી જમીનોમાં પોતાના મડતીયાઓ દ્વાર યેનકેન પ્રકારે વિવાદ ઉભા કરાવી પૈસા ખંખેરવાનો ખેલ શરૂ કર્યો. કહેવાય છે કે રાજ્યની કોઈપણ સરકારી કચેરીમાં ભ્રષ્ટ્રાચાર નહિ આદરાયો હોય તેટલો દોઢ થી બે વર્ષમાં મોડાસા બહુમાળી ભવનમાં આવેલી કચેરીમાં ભ્રષ્ટ્રાચાર આદરવામાં આવ્યો છે. મોડાસા નજીકના એક અરજદારે ગાંધીનગર સમાચારને જણાવ્યું કે તોડબાજ અધિકારીએ અમારી મિલકતમાં ઈરાદાપૂર્વક વિવાદ ઉભો કરાયો તેને રૂા.૫૦ લાખ ખંખેર્યા હતા અને વધુ રૂપિયા ખંખેરવાના મલિન ઈરાદાથી ઉભયપક્ષ પાસે વિવાદ કરાવ્યો હતો. બહારથી સીધાસાદા દેખાતા ભ્રષ્ટ અધિકારીએ જિલ્લા અને તેની પ્રજાને લૂંટવામાં કોઈ કસર છોડી નથી. તોડબાજ અધિકારી તેના અગાઉના ઉચ્ચ અધિકારીઓનો દલાલ હોવાનો પણ ગંભીર આક્ષેપ કરાયો છે. અરજદારે જણાવ્યું કે અમારા કોર્ટ કેસનો ચુકાદો આવ્યા પછી તોડબાજ અધિકારી વિરુદ્ધ યોગ્ય પુરાવા સાથે કલેક્ટર તેમજ રાજ્ય એ.સી.બી.ને અમે કોઈપણ પ્રકારના ડર વગર ફરીયાદ કરવાના છીએ. તોડબાજ અધિકારીએ ધનસુરા, મોડાસા, ભિલોડા વિસ્તારમાં પોતાના તેમજ મડતીયાઓના નામે કેટલીક જમીનમાં વિવાદો ઉભા કરી જમીનના દસ્તાવેજો કરાવી લીધાની પણ ગરમાગરમ ચર્ચા ભરશિયાળે ગરમાવો લાવી રહી છે.

### કચેરીમાં મીઠાઈના પેકેટ નહિ લાવવાનું આડંબર

બાયડ તા.૧૦
મોડાસા બહુમાળી ભવનના તોડબાજ અધિકારીએ દિવાળી પર્વ દરમ્યાન પોતાની કચેરીમાં મીઠાઈના પેકેટ નહિ લાવવા માટે ફરમાન કર્યું હતું પરંતુ મીઠાઈના બદલે અઢળક પૈસા ખાતા તોડબાજ અધિકારીને ઓળખવામાં સહકર્મીઓ અને જિલ્લાની પ્રજા થાપ ખાઈ ગઈ છે પરંતુ આવનારા દિવસોમાં તોડબાજ અધિકારીનો ભોગ બનેલા જમીન માલિકો ખુલીને સામે આવવાની તૈયારી કરી રહ્યા છે.

# દિવાળી વેકેશનના લીધે પોળોની પ્રકૃતિ પ્રદૂષણના ભરડામાં

## વિજયનગરની પોળોમાં પ્લાસ્ટીકના કચરાથી પર્યાવરણ જોખમાયું : પ્રવાસન ધામના નામે વાહ વાહી મેળવવી છે પરંતુ કામગીરીમાં શૂન્ય

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૦
રાજ્ય સરકાર પર્યાવરણને પ્લાસ્ટીક મુક્ત કરવાના પ્રયત્નમાં છે પરંતુ પ્લાસ્ટીકના ઉપયોગ ઉપર અંકુશ ન આવતાં પર્યટક સ્થળો પ્લાસ્ટીકના પ્રદૂષણના ભરડામાં આવી ગયાં છે. ત્યારે વિજયનગરની જૈન પોળોમાં દિવાળી વેકેશનના કારણે હજારો પ્રવાસીઓનો રોજનો ધસારો થઈ રહ્યો છે અને પ્રવાસીઓ ફરસાણ અને નાસ્તો આરોગી પ્લાસ્ટીકનો કચરો જ્યાં ને ત્યાં ફેંકી દેતા હોવાથી વિજયનગરની પોળોની પ્રકૃતિ પ્રદૂષણના ભરડામાં આવી છે. જેના કારણે વન્ય પ્રાણીઓ સહિત લીલી વનરાજી ઉપર પણ ગંભીર જોખમ ઉભું થયું છે.

જિલ્લામાં પર્યટક સ્થળો પ્રવાસીઓથી ઉભરાઈ રહ્યાં છે. રાજ્ય સરકારના સ્વચ્છતા અભિયાનના પર્યટક સ્થળોએ રીતસરના ધજાગરા ઉડી રહ્યા છે. સરકારી વિભાગ દ્વારા પ્રવાસન સ્થળોએ આવતા પ્રવાસીઓ સ્વચ્છતાના આગ્રહી બને તેવા કોઈ જાહેર કાર્યક્રમ આજદિન સુધી યોજાયા નથી જેના કારણે લોક જાગૃતિના અભાવે જાણે અજાણે જાણીતા પર્યટક સ્થળો પ્રદૂષણમાં સપડાયાં છે. જિલ્લામાં દિપાવલી વેકેશન શરૂ થતાંની સાથે જ સાબરકાંઠાની પ્રસિદ્ધ વિજયનગરની પોળોમાં દૂર દૂરથી સહેલાણીઓ ઉમટી રહ્યા છે. પોળોની પ્રકૃતિના સાનિધ્યમાં દૂરથી આવતા સહેલાણીઓ નાસ્તો તેમજ અન્ય ફરસાણ આરોગી પ્લાસ્ટીકનાં પેકેટને યોગ્ય જગ્યાએ નિકાલ કરવાને બદલે પોળોના જંગલ વિસ્તારમાં ફેંકી રહ્યા છે જેના કારણે પોળો સાઈટમાં પ્લાસ્ટીના ઢગ ખડકાયા છે.

છેલ્લા કેટલાક દિવસોથી સહેલાણીઓનો ધસારો વધવાની સાથે વિજયનગરની પોળો, વણજ ડેમ સાઈટ તેમજ અભાપુરના જંગલ વિસ્તારમાં પ્લાસ્ટીકનું પ્રદૂષણ અનેક ગણું વધી જતાં પ્રકૃતિ પ્રદૂષણના ભરડામાં આવી ગઈ છે. જિલ્લામાં સમયાંતરે સ્વચ્છતા અભિયાનના નામે સેવાભાવી સંસ્થાઓ તેમજ અન્ય સંગઠનો કાર્યક્રમો યોજે છે પરંતુ પર્યટક સ્થળોએ થતા પ્લાસ્ટીકના કચરાને દૂર કરવા માટે સફાઈ ઝૂંબેશ આજદિન સુધી શરૂ થઈ નથી જેના કારણે પોળો સહિતના પર્યટક સ્થળોમાં પ્લાસ્ટીકના ઢગ ઠેકઠેકાણે જોવા મળતા હોય છે. સાચા અર્થમાં સરકારના સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવું હોય તો તંત્ર દ્વારા પર્યટક સ્થળોએ જ તે અંગેની લોક જાગૃતિ આવે તેવા પ્રયાસો કરવા જોઈએ.

# વાલીઓ પણ શાળાઓ શરૂ થાય તેવું ઈચ્છી રહ્યા છે

## ઉત્તર ગુજરાતમાં ધો. ૧ થી ૫ ના વર્ગો શરૂ કરવાની હિલચાલ : તા. ૧ ડિસેમ્બરથી નિમ્ન પ્રાથમિક વિભાગ શરૂ થઈ શકે છે

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૦
છેલ્લા ૨૦ મહિનાથી ધો.૧ થી ૫ નું પ્રત્યક્ષ શિક્ષણ બંધ હોવાથી પ્રાથમિક શિક્ષકોની તમામ મહેનત એળે જઈ રહી છે ત્યારે સરકાર અને શિક્ષણ વિભાગ ધો.૧ થી ૫ ના વર્ગો શરૂ કરવા બાબતે ગંભીર બનતાં તા.૧ ડિસેમ્બરથી નિમ્ન પ્રાથમિક વિભાગમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. વાલીઓ પણ શાળાઓ શરૂ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

બાળકોમાં ભુલકણો સ્વભાવ વધુ હોય છે. ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા બાળકોને કક્કો-બારાખડી, વગેરે વારંવાર શીખવાડવું પડતું હોય છે. પરંતુ કોરોનાના કારણે છેલ્લા ૨૦ મહિનાથી ધો.૧ થી ૫ માં શિક્ષણ કાર્ય સદંતર બંધ રહેતા આવા બાળકોના ભવિષ્ય ઉપર ગંભીર શૈક્ષણિક સંકટ મંડરાયું છે. ધો.૬ થી ૮નું પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું અને તેમાં વિદ્યાર્થીઓ ખૂબ નબળા પડ્યાનું ગંભીર તારણ સામે આવ્યું છે. શાળાઓ ગત જુનથી શરૂ થઈ શિક્ષકો નિયમિત શાળાએ આવે છે પરંતુ ધો.૧ થી ૫ના વર્ગોમાં શિક્ષણ કાર્ય ઓફલાઈન શરૂ ન થયું હોવાથી પ્રા.શિક્ષકો પણ હવે કંટાળ્યા છે અને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તેની આતુરતાથી રાહ જોઈ બેઠા છે. કારણકે શિક્ષકોને તેઓએ તૈયાર કરેલા બાળકો બધુ ભુલી જાય તેવી દહેશત સતાવી રહી છે. આખરે ધો.૧ થી ૫ ના વર્ગો શરૂ કરવા માટે શિક્ષણ વિભાગ ગંભીર છે તે જોતાં તા.૧ ડિસેમ્બરથી પ્રાથમિક શિક્ષણ ઓફલાઈન શરૂ થાય તેવી શક્યતા સૌથી વધુ છે. વિભાગ દ્વારા અંગે આરોગ્ય વિભાગ સાથે સંકલન શરૂ કરવામાં આવ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના બહુમત વાલીઓ કોરોનાનું સંક્રમણ અંકુશમાં હોવાથી ધો.૧ થી ૫ નું ઓફલાઈન પ્રાથમિક શિક્ષણ શરૂ કરવું જોઈએ તેની ખુલીને તરફેણ કરી રહ્યા છે.

# મોડાસા પ્રાંત અધિકારી દ્વારા મહિલા અધિકારીને અશ્લીલ ફોટા મોકલતાં સાઈબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી

## ધરપકડ પછી અધિકારી ભૂલ થયાનું જણાવી કરગરી પડ્યા : અન્ય અનેક વટાણા વેરાય તેવી પૂરેપૂરી સંભાવના

હિંમતનગર તા.૧૦
મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ દ્વારા મહિલા અધિકારીને અશ્લીલ ફોટા મોકલી સતત પજવતો હોવાની અમદાવાદ સાઈબર ક્રાઈમને લેખિત ફરીયાદ પછી તપાસ ટીમે મોડાસામાંથી પ્રાંત અધિકારીને પૂછપરછ માટે અમદાવાદ લઈ ગયા અને ફરીયાદીએ કરેલા આરોપના તમામ પુરાવા મળી આવતા ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ પછી સાઈબર પોલીસ સમક્ષ પ્રાંત અધિકારી કરગરી પડ્યાની વિગતો પણ સોશ્યલ મિડીયામાં વાઈરલ થઈ છે. સમગ્ર પ્રકરણમાં ન્યાયિક તપાસ થશે તો અન્ય અનેક વટાણા વેરાય તેવી પૂરેપૂરી સંભાવના છે. છેલ્લા ૫ વર્ષથી પ્રાંત અધિકારી મહિલા અધિકારી સાથે સંપર્ક રાખ્યાનું પણ બહાર આવ્યું છે.

જાહેરમાં સારી વાતો કરતા અધિકારીઓ કેવા હોય છે તેની વિગતો બહાર આવે તો પ્રજા અવાચક બની જાય છે. મહિલાઓનું યૌન શોષણ થતું હોય તો કડક કાર્યવાહી કરવી જોઈએ. મહિલાઓને કોઈ હેરાન કરતું હોય તો આવારા તત્વો સામે કાર્યવાહી કરો તેવા આદેશ આપતી કચેરીના અધિકારી જ ખુદ મહિલા અધિકારીને અશ્લીલ ફોટા મોકલતા હોય તેવી વિગતો બહાર આવે ત્યારે પીડિત મહિલાઓને ન્યાય માંગવા ક્યાં જવું તેવી સ્થિતિ પેદા થતી હોય છે.



મોડાસા પ્રાંત અધિકારી છેલ્લા કેટલાંક સમયથી ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં મહિલા અધિકારીને અશ્લીલ ફોટા મોકલી રંજાળતા હતા. તેમજ તમામ હદ વટાવી મહિલા અધિકારીના માઈનોર પુત્રને પણ અશ્લીલ ફોટા મોકલ્યા પછી વિકૃત માનસિકતા ધરાવતા મોડાસા પ્રાંત અધિકારીને શાન ઠેકાણે લાવવા મહિલા અધિકારીએ અમદાવાદ સાઈબર ક્રાઈમમાં લેખિત ફરીયાદ આપી. ફરીયાદ આપ્યા પછી એક્શનમાં આવેલી તપાસ ટીમે લાભપાંચમના દિવસે મોડાસા પ્રાંત અધિકારીને અમદાવાદ લઈ આવતા રીતસરનો પડી ભાંગ્યો હતો. બચવ માટે કાકલુદી કરવાની સાથે મારી ભૂલ થઈ છે માફ કરો તેવું કહ્યું હોવાનું સોશ્યલ મીડિયામાં વાઈરલ થયું. પરંતુ અધિકારી સાથે મહિલા અધિકારી પણ વધુ પડતી છૂટછાટ માટે જવાબદાર છે કે કેમ ? ફરીયાદમાં જે રીતે સમય ખેંચાયો તે જોતાં સાઈબર ક્રાઈમના અધિકારીએ પણ પ્રેસ કોન્ફરન્સમાં મહિલા અધિકારીએ જેતે સમયે જ ફરીયાદ આપવી જોઈતી હતી. તેવું નિવેદન આપ્યું તે સૂચક મનાય છે. પરંતુ આવનારા દિવસોમાં અશ્લીલ ફોટો મોકલનાર અધિકારી હવે બચવા માટે કેવા દાવપેચ કરશે તેના ઉપર મીટ મંડાયેલી છે. નિષ્પક્ષ અને ન્યાયિક તપાસ પછી સમગ્ર રાજ્યનો આ ચકચારી કેસ બનવાની સંભાવના વધી ગઈ છે.

### પ્રાંત અધિકારી અનેક ફોનનો ઉપયોગ કરતો હોવાની જાણકારી

હિંમતનગર ૧૦,
મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલે મહિલા અધિકારીને બિભત્સ વિડીયો મોકલવાની સાથે અભદ્ર હરકત કરતો હોવાની ફરીયાદ અમદાવાદ સાઈબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાયા પછી તપાસ ટીમ અધિકારીને અમદાવાદ લઈ ગઈ હતી અને તપાસ દરમ્યાન મહિલા અધિકારીને સોશ્યલ મીડિયા મારફતે જાતિય સતામણી માટે મયંક પટેલે ૯ જેટલા મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યાનું મનાઈ રહ્યું છે. આ તમામ મોબાઈલની કોલ ડિટેઈલ્સ, રેકોર્ડિંગ, ચેટની તપાસ થશે તો વધુ ચોંકાવનારી વિગતો સામે આવે તેવી સંભાવના છે.

# ઉત્તર ગુજરાતમાં દિવાળી પર્વમાં વેપારીઓ હરખાયા પરંતુ ટ્રાવેલ્સ ઉદ્યોગમાં મંદી

## દિપાવલીનું વેકેશન છતાં પ્રવાસીઓનો નબળો પ્રતિસાદ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૦
વૈશ્વિક મહામારી કોરોનામાંથી પ્રજા ધીરે ધીરે બહાર આવી રહી છે. આ વર્ષે દિવાળી પર્વમાં ઘુમ ધરાકીથી વેપારીઓ હરખાયા પરંતુ ટ્રાવેલ્સ ઉદ્યોગમાં મંદી આદુખાઈને પાછળ પડ્યા જેવી સ્થિતિ આવી. દિપાવલીનું વેકેશન છતાં પ્રવાસીઓનો નબળો પ્રતિસાદ ટ્રાવેલ્સ ઉદ્યોગને વધુ બરબાદ કરી શકે છે.

ઉત્તર ગુજરાતના અનેક પર્યટન સ્થળ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પ્રવાસન ધામોનો વિકાસ કરવા માટે કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવ્યું છે જેમાં પાયાગત સુવિધાઓ ઉભી કરવામાં પ્રવાસન વિભાગ ભલે નિષ્ફળ રહ્યો છે તેમ છતાં દૂર દૂરથી પર્યટકો ૫ જિલ્લામાં આવેલા સ્થળોની અચૂક મુલાકાત લેતા હોય છે. મોટાભાગના પ્રવાસીઓ ટ્રાવેલ્સ દ્વારા પ્રવાસના આયોજનો કરતા હોય છે પરંતુ સતત બીજા વર્ષે કોરોનાના કારણે ટ્રાવેલ્સ ઉદ્યોગની માઠી દશા બેઠી છે. અનલૉકના વિવિધ તબક્કા પછી પણ કોરોનાના ડરથી પ્રવાસીઓ તેમના અગાઉનાં આયોજનો ટાળી રહ્યા છે જેના કારણે સિમિત પ્રવાસીઓથી ટ્રાવેલ્સ ઉદ્યોગને સંતોષ માનવાનો વારો આવ્યો છે. ૫ જિલ્લામાં ટ્રાવેલ્સ ઉદ્યોગનો માત્ર ૩૦ ટકા જ ધંધો હાલ કાર્યરત રહ્યો છે. દિપાવલીના તહેવારોનું વેકેશન ચાલી રહ્યું છે અને વ્યાપક પ્રવાસન માટે પણ છૂટછાટ છતાં ટ્રાવેલ્સ ઉદ્યોગ બેઠો થાય તેવા કોઈ અણસાર હજુ જોવા મળ્યા નથી.

# વિદેશી દારૂ ભરેલી ઈનોવા પલ્ટી જતા લાખ્ખો રૂપિયાનો દારૂ મેઘરજ પોલીસે ઝડપ્યો





અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા આંતરરાજ્ય સરહદો પર સઘન પેટ્રોલીંગ હાથધરી જીલ્લાના માર્ગો પર દોડાદોડી કરી રહી છે મેઘરજ પોલીસ નાઈટ પેટ્રોલીંગ દરમિયાન રાજસ્થાન તરફથી આવતી ઈનોવા કારનો ચાલક પોલીસ જોઈ પુરઝડપે હંકારતા પલ્ટી જતા પોલીસે ઈનોવામાંથી વિદેશી દારૂ અને ઈનોવા કારનું પાયલોટિંગ કરતી ઈકો કારને ઝડપી પાડી ત્રણ ખેપિયાને દબોચી લીધા હતા ઈનોવા કારમાંથી ૭૨૬ દારૂની બોટલો જપ્ત કરી હતી

મેઘરજ પીઆઈ એમ.ડી.પંચાલ અને તેમની ટીમ કદવાડી નજીક ચેકિંગ હાથધરતાં રાજસ્થાન તરફથી ઈનોવા કારમાં વિદેશી દારૂ ભરી આવતો બુટલેગર પોલીસ જોઈ ઈનોવા પુરઝડપે હંકારવા જતા પલ્ટી ખાઈ ગઈ હતી ઈનોવા પલ્ટી જતા તાબડતોડ પોલીસ ઈનોવા પાસે પહોંચી તલાસી લેતા કારમાંથી ૭૨૬ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે કારચાલકની પૂછપરછ કરતા ઈનોવાનું ઈકો કારમાં પાયલોટિંગ થતું હોવાનું બહાર આવતા પોલીસે ઈકો કારમાં પાયલોટિંગ કરતા બે શખ્સોને ઝડપી લીધા હતા મેઘરજ પોલીસે ઈનોવા કારમાંથી ૧.૧૯ લાખથી વધુના દારૂ સાથે ઈનોવા કાર, ઈકો કાર અને મોબાઈલ મળી કુલ.રૂ.૧૦.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ૧) મહેશ મદનલાલ ચૌધરી, ૨)કપીલ કાંતિલાલ કલાલ, ૩)વિજય દેવીલાલ મીણા (ત્રણે,રહે.રાજસ્થાન) ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# અગાઉ ગંભીર ગુનામાં કેન્ટીન ઈજારદાર સંડોવાતા પરવાનો રદ

## બાયડ એસ.ટી. ડેપોમાં કેન્ટીનની સવલતના અભાવે મુસાફરોને હાલાકી : તંત્રની બેધારી નીતિ સામે સવાલ ઉઠયા

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૦
બાયડ એસ.ટી. ડેપોમાં દૈનિક ૧૫૦૦થી વધુ મુસાફરોની આવન-જાવન માં સુવિધાયુક્ત કેન્ટિન કોઈને કોઈ કારણોસર છેલ્લા ૧૦ મહિનાથીભાડે ન અપાતાં મુસાફરોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. બાયડના આધુનિક બસમથમાં તૈયાર કરાયેલી એસ.ટી, કેન્ટીન અગાઉ ઉચાટેન્ડરથી ભાડે આપવામાં આવી હતી, પરંતુ કેન્ટીનમાં યુવતી ઉપર બળાત્કાર ગુજાર્યાની ઘટના પ્રકાશમાં આવતા પરવાનો રદ કરાયો અને નિયમ અનુસાર બીજા ઓછા ભાવવાળાને કેન્ટીન આપવાની જોગવાઈ છતાં કોઈને કોઈ કારણોસર તેમાં પીછેહઠ થતો તંત્રની બેધારી નીતિ સામે સવાલ ઉઠા છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર મોટાભાગના બસ મથકોનું એસ.ટી. નિગમ દ્વારા આધુનિકીકરણ કરવામાં આવ્યું પરંતુ વિવિધ સ્ટોલ અને કેન્ટીનના ઉચા ભાડાં હોવાથી ઘણીવાર કોઈ ટેન્ડર પણ ભરતું નથી. બાયડમાં રુ.૧.૭૩ કરોડ ના ખર્ચે મુસાફરોની સુવિધા માટે આધુનિક બસ મથક તૈયાર કરવામાં આવ્યું અને લાંબા સમય પછી કેન્ટીન શરુ કરવા માટે ટેન્ડર મારો ભાવ મંગાવામાં આવ્યા પરંતુ જેનેટેડર લાગ્યું તેને મુલાકર્મચારીએ કેન્ટીનમાં એક યુવતી સાથે વા રંવાર અધમ કૃત્ય કરતા બાયડ પ ા ે લી સ સ્ટે શ ન મા ં લાંબા સમય પછી ફરીયાદ નોંધાઈ અને તપાસ બાદ પરવાનો રદ કરવામાં આવ્યો. ત્યાર બાદ લાંબા સમયથી મુસાફરોને નાસ્તો કરવો હોય તો બસમથકની બહારથી દોડ-દૌડીકરી જવું પડતું હોય છે. ત્યારે નિગમની જોગવાઈ મુજબ આવેલા ટેન્ડર પૈકી પ્રથમ ઈજારદારનો પરવાનો કોઈપણ કારણસર રદ થાય તો બીજા નંબરના ઓછા ભાવવાળા ઈજારદારને આપવાની જોગવાઈ છે પરંતુ સાબરકાંઠા એસ.ટી, ડિવિઝનના જવાબદાર અધિકારીખોએ નેગોસેશન કર્યા પછી પણ ઈજારો આપવામાં ઠાગાઠેયા શરુ કરતાં તંત્રની બેધારી નીતિ સામે રોષ પ્રવર્તી રહ્યો છે.

### રીટેન્ડરગ થશે - એસ.ટી. નિયામક

બાયડ તા.૧૦.
સાબરકાંઠા એસ.ટી. નિયામક જી.એસ.ગોસ્વામીએ જણાવ્યું કે અગાઉટેન્ડર ઉચીરકમથી આપવામાં આવ્યું હતું જેથી બીજી વાર જે માંગ આવીને રુ.૧૫૦૦કરતા ઓછી છે. આ સંજોગોમાં બાયડ એસ.ટી. કેન્ટીનનો ઈજારો આપવા માટે ટૂંક સમયમાં રીટેન્ડરીંગ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# આઝાદીના ૭૫ વર્ષ પછી પણ પાકો રોડ દુષ્કર બન્યો

## ધનસુરા તાલુકાના નવટાંકી કંપાના રહીશો ડામર રોડથી વંચિત : વારંવારની રજુઆતો ક્યરા ટોપલીમાં..!



બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૦
ગુજરાતના વિકાસની યશગાથા વચ્ચે આજે પણ આઝાદીના ૭૫ વર્ષ પછી પણ કેટલાંક ગામડાં એવા છે કે તેમને પાકો રોડ નસીબ થયો નથી. પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી સડક યોજના હે ઠળ ૨૦૦થી ઓછી માનવવસ્તી હોય તેવા ગામોને પણ પાછારોડથી જોડવાની સુચના છતાં ધનસુરા તાલુકાના નવી ટાંકી કંપાના રહીશો દાયકાઓથી ડામર રોડથી વંચિત રહ્યા છે. સ્થાનિકોએ પાકો રોડ બનાવવા માટે વારંવાર રજુઆત કરી પરંતુ રજુઆતો ક્યરા પોટલીમાં જતી હોવાનો આરોપ લાગ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તમામ નાના-મોટા ગામડા અને પરા વિસ્તારને પાકી સડકથી જોવા હોવાના દાવા થતા હોય છે પરંતુ જમીની હકીક્ત કંઈક અલગ છે. આજે પણ ભિલોડા, ધનસુરા, મેઘરજ અને બાયડ તાલુકાના કેટલાંક ગામડાંઓ એવા છે કે આઝાદીના ૭૫ વર્ષ પછી પણ પાકો ડામર રોડ તો ઠીક પરંતુ મેટ લ પથરાઈ નથી. દર ૫ વર્ષ આવતી વિધાનસભા અને લોકસભાની ચુંટણીમાં ઉમેદવારો જીત્યા પછી પાકો રસ્તો બનાવી દેવાની હૈયાધારણા આપતા હોય છે પરંતુ પછી કોઈ સામે પણ જોતું નથી. ધનસુરા તાલુકાના નવટાંકી કંપામાં ચોમાસા દરમ્યાના કાચા રસ્તામાં ખાડા પડે અને પાણી ભરાઈ જાય ત્યારે દર્દીને હોસ્પિટલમાં લઈ જવો મુક્લી પડતી હોય છે જ્યારે વિદ્યાર્થીઓ ને શાળાએ જવામાં વિટંબણાઓ પણ સામનો કરવો પડતો હોય છે.

સ્થાનિક ગામના યુવાનોના જણાવ્યા અનુસાર આ વિસ્તારના સાંસદ, ધારાસભ્ય, જિલ્લા તાલુકા વહિવટી તંત્રને આક્ષ્દ -લાલુકંપા રોડથી નવટાંકી કંપાને જોડતાં ૧.૫ કિમી માર્ગના ડામર કામ માટે લેખિત અને મૌખિક રજુઆત પછી કોઈ ઉકલ આવ્યો નથી.